# જેલમાં રહીને ચૂંટણી જીતનારા એન્જિનિયર રાશિદ





**ટાઈમ લાઈન**
સંજય વોરા

જમ્મુ-કાશ્મીરમાંથી 370મી કલમ નાબૂદ કરવામાં આવી તેથી ભારતની જનતા ખુશ છે પણ કાશ્મીર ખીણની જનતા તે બદલ BJPને હજુ સુધી માફ કરી શકી નથી. આ કારણે જ 2024ની લોકસભા ચૂંટણીમાં BJPએ કાશ્મીર ખીણમાં પોતાનો એક પણ ઉમેદવાર મેદાનમાં ઉતાર્યો નહોતો. BJPની આ હાલત સામે લોકો જેમને અલગતાવાદી તરીકે ઓળખે છે તે એન્જિનિયર રાશિદ નામનો ઉમેદવાર દિલ્હીની તિહાર જેલમાં રહીને બારામુલ્લા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને જંગી બહુમતીથી જીત્યા હતા. નોંધપાત્ર વાત એ છે કે રાશિદ અપક્ષ તરીકે ચૂંટણી લડ્યા હતા. તેમની સામે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર તરીકે જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ઓમાર અબ્દુલ્લા હારી ગયા હતા. કાશ્મીરનાં બીજાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી મહેબુબા મુફ્તિ પણ અનંતનાગ રાજૌરી બેઠક પરથી ચૂંટણી હારી ગયાં હતાં. બે-બે ભૂતપૂર્વ મુખ્ય મંત્રીઓની હાર અને અલગતાવાદી નેતાની ભવ્ય જીત પરથી ખ્યાલ આવે છે કે હકીકતમાં કાશ્મીર ખીણમાં પવન કઈ તરફ ફુંકાઈ રહ્યો છે.

શ્રીનગર પોલિટેક્નિકમાંથી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરનાર રાશિદે લગભગ 25 વર્ષ સુધી સરકારી વિભાગમાં એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. વર્ષ 2003 ની આસપાસ તેમણે તત્કાલીન પ્રખ્યાત ઉર્દૂ સાપ્તાહિક અખબાર 'ચત્તાન' માં કાશ્મીરના રાજકીય મુદ્દાઓ પર લખવાનું શરૂ કર્યું. તેમણે તેમના લેખો દ્વારા ઘણી ખ્યાતિ મેળવી. આ દરમિયાન તેમણે કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા કથિત માનવાધિકાર ઉલ્લંઘન સામે અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું. વર્ષ 2008માં રાશિદે કુપવાડાની લંગેટ વિધાનસભા બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે તેમની પ્રથમ ચૂંટણી લડી અને તેમાં જીત મેળવી હતી. 2014ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ ફરીથી ધારાસભ્ય બન્યા હતા. આ વર્ષે તેમણે બારામુલ્લાથી લોકસભાની ચૂંટણી પણ લડી હતી પરંતુ તેઓ હારી ગયા હતા. 2015માં BJPના કેટલાક ધારાસભ્યોએ બીફ પાર્ટી કહેવાના આરોપમાં જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની અંદર તેમના પર હુમલો પણ કર્યો હતો. આ પછી 2015 ની એક ઘટનામાં કેટલાક લોકોએ દિલ્હીની પ્રેસ ક્લબમાં તેના પર કાળી શાહી ફેંકી હતી. પોતાની આગવી સ્ટાઈલ માટે પ્રખ્યાત ઈજનેર રાશિદ ધારાસભ્ય બન્યા બાદ પણ કોઈ પણ પ્રકારની સુરક્ષા વગર પોતાની નાની ખાનગી કારમાં મુસાફરી કરતા હતા. એન્જિનિયર રાશિદ જમ્મુ અને કાશ્મીરમાંથી બંધારણની કલમ 370મી હટાવવાના સખત વિરોધમાં હતા અને આ મુદ્દે તેઓ વારંવાર રસ્તા પર પણ ઊતરી આવ્યા હતા.

એન્જિનિયર રાશિદની 2019માં UAPA હેઠળ આતંકવાદને ફંડિંગ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. UAPA કાયદો 1967માં ભારતમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવા માટે રજૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય ભારતની અખંડિતતા અને સાર્વભૌમત્વને પડકારતી પ્રવૃત્તિઓને રોકવા માટે સરકારને વધુ સત્તા આપવાનો હતો. વર્ષ 2019માં કેન્દ્ર સરકારે આ કાયદામાં સુધારો કર્યો અને સરકારને કોઈ પણ અદાલતી કાર્યવાહી કર્યા વિના કોઈ પણ વ્યક્તિને ઉગ્રવાદી અથવા રાષ્ટ્રવિરોધી જાહેર કરવાની સત્તા આપી હતી. તેમની ધરપકડ બાદ એન્જિનિયર રાશિદને સમર્થન કરી રહેલી અવામી ઈત્તેહાદ પાર્ટીએ તેમના પર લાગેલા આરોપોને ફગાવી દીધા છે. રાશિદ અવામી ઈત્તેહાદ પાર્ટીના સ્થાપકોમાંથી એક છે. 2019માં પણ તેઓ પાર્ટીની ટિકિટ પર બારામુલ્લાથી ચૂંટણી લડ્યા હતા અને ત્રીજા સ્થાને રહ્યા હતા. આ વખતે તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીને જીત્યા હતા.

આ ચૂંટણી દરમિયાન તેઓ જેલમાં હતા, તેથી તેમના પુત્ર અબરાર રાશિદે તેમના ચૂંટણી પ્રચારની જવાબદારી સંભાળી હતી. અબરાર પાસે ચૂંટણીપ્રચાર માટે પૈસા ન હતા. તેમને એ પણ ખબર ન હતી કે ચૂંટણીપ્રચાર માટે પોસ્ટર કેવી રીતે બનાવવામાં આવ્યા અને કોણે બનાવ્યા. આ ચૂંટણીમાં ઈજનેર રાશિદના સમર્થકોએ 'મતથી જેલનો બદલો'ના નારા આપ્યા હતા. પરિણામો આવ્યાં પછી રાશિદના નાના ભાઈ ખુર્શીદ અહેમદે કહ્યું કે ''આખરે જનતાએ રાશિદ સાહબને સંસદમાં મોકલ્યા; પરંતુ જાન્યુઆરીથી તિહાર જેલના અધિકારીઓએ તેમના પરિવારને તેમની સાથે વાત કરવાની પણ મંજૂરી આપી નથી. તેઓ તેમના વૃદ્ધ માતાપિતા સાથે વાત કરવા માટે પણ સક્ષમ નથી. હવે તેઓ ચૂંટણી જીતી ગયા છે અને અમે તેમના જેલમાંથી બહાર આવવાની રાહ જોઈ રહ્યા છીએ. પરિવાર કરતાં પણ વધુ હવે જનતા તેમણે જેમને ચૂંટ્યા છે તેની રાહ જોઈ રહી છે.''

**કાશ્મીરના યુવાનોએ જે રીતે એન્જિનિયર રાશિદને સમર્થન આપ્યું છે તે દર્શાવે છે કે નવી પેઢી નવા ચહેરાઓ શોધી રહી છે અને પરંપરાગત રાજકારણીઓથી કંટાળી ગઈ છે**

એન્જિનિયર રાશિદની જીત વધુ મહત્ત્વની બની જાય છે કારણ કે તેઓ જેલમાં હતા ત્યારે તેમણે જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના ઓમર અબ્દુલ્લાને બે લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. બારામુલ્લા બેઠક પર રાશિદને 4 લાખ 72 હજાર વોટ મળ્યા જ્યારે ઓમર અબ્દુલ્લાને 2 લાખ 68 હજાર વોટ મળ્યા. જમ્મુ અને કાશ્મીર પીપલ્સ કોન્ફરન્સના સજ્જાદ લોન ત્રીજા સ્થાને છે. તેમને 1 લાખ 73 હજાર મત મળ્યા હતા.

કાશ્મીરમાં સોશ્યલ મીડિયા પર એન્જિનિયર રાશિદની જીતની ખૂબ ચર્ચા થઈ રહી છે. તેમના એક સ્થાનિક સમર્થક અબ્દુલ મજીદ આ જીત પર કહે છે કે 2019 પછી કાશ્મીરમાં જે કંઈ પણ થયું, તેનો જવાબ એન્જિનિયર રાશિદની જીત છે. કાશ્મીરના યુવાનોએ જે રીતે એન્જિનિયર રાશિદને સમર્થન આપ્યું છે તે દર્શાવે છે કે નવી પેઢી નવા ચહેરાઓ શોધી રહી છે અને પરંપરાગત રાજકારણીઓથી કંટાળી ગઈ છે. આ પરિસ્થિતિમાં કાશ્મીર ખીણના લોકોને દેશની મુખ્ય ધારામાં જોડવાનો મોટો પડકાર કેન્દ્ર સરકાર સમક્ષ ઊભો થયો છે.

**ગુજરાતમાં ક્યાંય ન ભજવાતાં હોય એટલાં સ્પર્ધાનાં નાટકો સુરતમાં ભજવાય છે. ચાહે ત્રિઅંકી નાટકની સ્પર્ધા સ્વરૂપે હોય કે એકાંકી નાટકની સ્પર્ધા તરીકે હોય. હમણાં સુરતમાં એવી જ એક એકાંકી નાટ્યસ્પર્ધા પૂરી થઇ. આ સ્પર્ધા માટે કુલ 53 એન્ટ્રી આવી હતી અને તેમાંથી 42 એકાંકી ભજવાયાં. નાસિક, મુંબઇ, વડોદરા, નવસારી અમદાવાદ, રાજકોટ, પાલનપુર સહિતનાં સ્થળોથી આવેલાં આ નાટકો પૂરા પાંચ દિવસ ભજવાતાં રહ્યાં. આ સ્પર્ધાના એક નિર્ણાયક જાણીતા અભિનેત્રી ગોપી દેસાઈ હતાં. સ્વયં અમદાવાદ, મુંબઇમાં નાટકો કરી ચૂકેલા ગોપી દેસાઈએ આ સ્પર્ધાના બધા જ નાટકો વિશે તો વાત નથી કરી પણ તેમણે પ્રતિભાવ આપવાની રીતે પ્રસન્નતાથી જે નાટક વિશે નોંધ્યું છે તેનાથી આ સ્પર્ધામાં ભાગ લેનાર એ ટીમ સાર્થકતા અનુભવશે.**



# એકાંકી નાટ્ય સ્પર્ધાએ કેટલાંક ઉત્તમ એકાંકી-નાટ્યાનુભવ કરાવ્યો

**આ એકાંકી નાટકોમાં જે સ્ત્રીપાત્રો છે જેનું ચરિત્ર, પાત્રાલેખન એવી રીતે થયું છે કે આ અલગ અલગ ઉંમરની સ્ત્રીઓ હવે દબાયેલી, કચડાયેલી, શોષિત નથી. મજાની વાત એ છે કે આ શિક્ષિત મહિલા - જુવાન છોકરીઓ અને જુવાન છોકરાઓ દ્વારા લખાયેલા નાટકો છે. એમનું શિક્ષણ, સમજણ અને પરિપક્વ વિચારોને વ્યક્ત કરે છે. અહીં સ્ત્રીઓની સમાનતાની, હક્કોની લડાઇ કે સંઘર્ષની વાતોને પાછળ મૂકી સમકાલીન સમયની વાત છે. સ્ત્રીપુરુષ એક સમાન છે આ માન્ય રાખીને જ પતિ - પત્ની, સ્ત્રી - મિત્ર, પુરુષ - મિત્રના સંબંધની જટિલતા, ગૂંચ કે આંટીઘૂંટીની વાત માંડે છે. કેટલો પ્રગતિશીલ વિચાર**

**કર્ટનકોલ**
ગોપી દેસાઈ

મિત્રો સતત પાંચ દિવસ એકાંકી નાટકો જોવા મળે એનાથી વધારે આનંદ શું હોઈ શકે. લગભગ 45 જેટલાં નાટકોએ ભાગ લીધો ગુજરાત મહારાષ્ટ્રના અલગ અલગ શહેરોમાંથી. સૌથી રોમાંચક, અંદરથી હચમચાવી નાખે એવો એક અનુભવ. નાટકનું નામ 'પુકાર' ( હિન્દી ). 101 સલામ છે લેખક, દિગ્દર્શક અને અભિનેતાઓને . આ ગોપી દેસાઈને આંસુ બહુ ઓછા આવે પણ સાહેબ હું ધ્રૂસકે અને ધ્રૂસકે રડી છું. આ એકાંકીમાં મારી બાજુમાં વિપુલભાઈ વિઠલાણી બેઠેલા હતા અને જડબેસલાક તેમની હથેળી, એમનો હાથ પકડીને સતત દબાવી રાખીને નાટક જોયું. આવા સહારાની જરૂર મને જિંદગીમાં ક્યારેય નથી પડી. એક એક ક્ષણ તમને સ્પર્શી જાય, હૃદયસોંસરી ઊતરી જાય, સંવાદો પર આફરીન થઈ જવાય. માત્ર હું નહીં પણ ઓડિટોરિયમમાં બેઠેલા તમામ દર્શકો. અલગ સેન્સ અને સેન્સિબીલીટીથી ( sensibility )જો નાટકને પૂરા કન્વિક્શન ( conviction) સાથે રજૂ કરો તો દર્શકોના દિલ સુધી પહોંચે જ પહોંચે. આ નાટકનો નશો હજી ઊતર્યો નથી અને ઊતરશે પણ નહીં.

સ્પર્ધામાં બાદલ સરકાર અને રત્નાકર મતકરી જેવા દિગ્ગજોના પણ એકાંકી હતાં. એમને પાછળ છોડી એનાથી ઉપર અને આગળ એવા આજના યુવાનો/ યુથ અલગ અલગ નવા વિષય પર એકાંકી લખે એ અત્યંત સૂચક અને આવકાર્ય છે.

રંગભૂમિ પર મહિલા દિગ્દર્શક અને લેખક જૂજ રહ્યાં છે. ત્યારે જુવાનીના તરવરાટ સાથે આ જુવાન છોકરીઓ એકાંકી લખે અને ભજવાય એનાથી એક મહિલા તરીકે મારી છાતી ગદ્ ગદ્ ફૂલે છે.

"You feel proud about these young girls"

બીજું એક નાટક 'લીટોડા' મેટાફર (metaphor) તરીકે ઉપયોગ લીટોડા... આપણે નાના હોઈએ અને જે લીટા પાડીએ દોરીએ એ જ... નાનું બાળક પેન, ચોક, કોલસો કે પેન્સિલથી માત્ર લીટા પાડે કે દોરે. નવી જનરેશન હવે આઈપેડ કે લેપટોપ પર સૌથી પહેલાં તો લીટા જ કરે બસ આ લીટોડા આજના યુથના પ્રશ્નો અને એનું નિરાકરણ પણ યુથ દ્વારા જ એકાંકીમાં અપાય. સુંદર પ્રસ્તુતિ હતી લીટોડા. એક યુવાન કલાકાર - નામ પૃથ્વી પાલકર 'દલદલ' એકાંકીમાં અદભુત અભિનય. પૃથ્વી પાત્ર જીવી ગયો. કોરોનાકાળની વસમી વ્યથાનું આબેહૂબ ચિત્રણ. નાટકનાં તમામ પાસાંને સુંદર રીતે આવરી લેતું આ નાટક 'દલ દલ'.

એક નવી વાત જે મનમાં આવી કે આ એકાંકી નાટકોમાં જે સ્ત્રી પાત્રો છે જેનું ચરિત્ર, પાત્રાલેખન એવી રીતે થયું છે કે આ અલગ અલગ ઉંમરની સ્ત્રીઓ હવે દબાયેલી, કચડાયેલી શોષિત નથી. મજાની વાત એ છે કે આ શિક્ષિત મહિલા - જુવાન છોકરીઓ અને જુવાન છોકરાઓ દ્વારા લખાયેલા નાટકો છે. એમનું શિક્ષણ, સમજણ અને પરિપક્વ વિચારોને વ્યક્ત કરે છે. અહીં સ્ત્રીઓની સમાનતાની, હક્કોની લડાઈ કે સંઘર્ષની વાતોને પાછળ મૂકી સમકાલીન સમયની વાત છે. સ્ત્રીપુરુષ એક સમાન છે આ માન્ય રાખીને જ પતિ - પત્ની, સ્ત્રી - મિત્ર, પુરુષ - મિત્રના સંબંધની જટિલતા, ગૂંચ કે આંટીઘૂંટીની વાત માંડે છે. કેટલો પ્રગતિશીલ વિચાર ...

કોઈ પણ કલા સમાજનું દર્પણ છે. આ સ્પર્ધામાં રજૂ થયેલ નાટકો પ્રગતિમાન સમાજનું પ્રતિબિંબ છે. આ નાટકો મોટેભાગે શહેરોમાંથી આવેલા હતા પણ આવી અસર કદાચ રૂરલ ગ્રામીણ વિસ્તારો પર એટલી નહીં હોય પરંતુ એક મોટી આશા જરૂર ઊભી કરે છે. આ નાટકો બિનજરૂરી નાટ્યાત્મકતા, પ્રેક્ષકોને પ્રસન્ન કરવાના આશય વગરના પ્રયત્નો કર્યા વગર વિષયવસ્તુના મૂળ સ્વરૂપને વળગી રહીને સાર્થક બની રહ્યા.

સુરતમાં પ્રથમ પહેલ સંજીવકુમાર એકાંકી નાટ્ય સ્પર્ધા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય સ્પર્ધામાં નાટકો ભજવાય છે તો દિલ ખોલીને કહી શકાય કે સુરત માત્ર હીરા ઘસીને તૈયાર નથી કરતું પણ કલાકારોને ઘસીને માવજત કરીને તૈયાર કરે છે.

## શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. ઉદારતા વિનાનું, સંકુચિત(૪)
૪. રજૂ કરવું કે થવું તે (૪)
૯. નવનીત (૩)
૧૧. શારીરિક ઈજા, ઘા (૩)
૧૩. સહાય (૩)
૧૪. સંભાળ, ચોકીની ક્રિયા (૩)
૧૬. કાગળ વગેરેના ટુકડા (૪)
૧૮. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૧૯. એકઠું થયેલું (૨)
૨૧. અન્નનો દાણો (૨)
૨૨. ઓછપ (૨)
૨૩. ઘોડો (૨)
૨૪. પૃથ્વી (૨)
૨૬. રોકડું (૩)
૨૮. ઈશારો, સૂચન (૪)
૩૦. વાર્તા, કહાણી (૨)
૩૨. સંમતિ, પરવાનગી (૨)
૩૩. પ્રેમ, આનંદ (૨)
૩૪. તંતુ, દોર (૨)
૩૫. દીવો, દીપક (૨)
૩૬. વાણી (૨)
૩૭. હેતુ, આશય (૪)
૩૯. ઉમેદ, તીવ્ર ઈચ્છા (૪)
૪૧. આદર, સત્કાર (૨)
૪૨. વીતી ચૂકેલું (૨)
૪૩. શ્રીવિષ્ણુ (૨)
૪૪. કૃપા, રહેમ (૨)
૪૬. પ્રથા, રિવાજ (૩)
૪૮. ફત્તેહ, વિજય (૨)
૪૯. નવીન, નવલું (૪)
૫૧. બળ, તાકાત (૨)
૫૨. રંગ, વર્ણ (૨)
૫૩. જવું, ચાલવું તે (૩)
૫૫. સોનું (૨)
૫૬. સિંહ (૪)
૫૮. મુગટ (૨)
૫૯. વિશ્વાસ (૩)
૬૧. વીતી ચૂકેલું (૨)
૬૪. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૬૫. આપવું તે (૨)
૬૬. આધાર, ભરોસો (૩)
૬૭. હાથ, વેરો (૨)
૬૮. પર્વત (૨)
૭૦. માછલાં વગેરે પકડવાનો આંકડો (૨)
૭૧. પ્રાણ, જાન (૨)
૭૨. રાજા ઓર... (૨)
૭૩. છળકપટ (૪)
૭૪. કૃપા, દયા (૩)
૭૫. નમેલું (૨)
૭૬. બટન ઘાલવાનું નાકું (૨)
૭૭. હોડી, વહાણ (૨)
૭૮. હાથી (૨)
૭૯. પાણી પીવાની ઈચ્છા (૩)
૮૦. રાજા (૨)
૮૧. નકામું, બાદ કરેલું (૨)
૮૨. પાછું (૩)

**ઊભી ચાવી**

૨. વૈદે લખેલી દવાનો કાગળ (૩)
૩. સુંદર સ્ત્રી (૨)
૪. રેતીનું મેદાન (૨)
૫. ટેવ, વ્યસન (૩)
૬. યજ્ઞ (૨)
૭. સાવ સહેલી (૫)
૮. વગાડવું તે (૩)
૧૦. ગધેડો (૨)
૧૧. આદમી (૨)
૧૨. મર્મ જાણનાર (૩)
૧૪. મોટી સંખ્યામાં નાણું (૩)
૧૫. ઢગલો (૨)
૧૬. નાનો ભાગ (૨)
૧૭. પતિ, રમવું તે (૩)
૨૦. આદર, સન્માન (૨)
૨૧. શરીરની ઊંચાઈ (૨)
૨૨. હાથ, વેરો (૨)
૨૫. હીરો (૩)
૨૭. ભૂલભરેલું (૩)
૨૮. પુષ્કળ, વધારે (૨)
૨૯. દરિયો (૩)
૩૦. ઢીલ, વિલંબ (૨)
૩૧. વિસ્તાર, ફેલાવો (૨)
૩૩. પરમેશ્વર (૨)
૩૪. ધૂન, મસ્તી (૨)
૩૫. ગરીબ, રંક (૨)
૩૬. વાંદરુ, કપિ (૩)
૩૭. અભિપ્રાય (૨)
૩૮. દેખાડેલું, દેખેલું (૩)
૩૯. દુશ્મન (૨)
૪૦. કોમળતા (૩)
૪૧. ઈશ્વરની મનાતી એક અનાદિ શક્તિ (૨)
૪૨. શોક, દુઃખ (૨)
૪૩. પચેલું (૩)
૪૪. કિંમત, મૂલ્ય (૨)
૪૫. નાણું (૨)
૪૭. એક સરખું (૩)
૪૮. એક જાતનું ભૂત (૨)
૫૦. હોડી (૨)
૫૧. જુસ્સો, શક્તિ (૨)
૫૨. કંટાળેલું (૨)
૫૩. હાથી (૨)
૫૪. આંખ (૩)
૫૫. પ્રીત, સ્નેહ (૨)
૫૬. મુખ, ચહેરો (૩)
૫૭. .... ઔર શ્યામ (૨)
૫૮. તંતુ, દોરો (૩)
૬૦. મીઠું (૩)
૬૧. લીન, ડૂબેલું (૪)
૬૨. કાળજી (૩)
૬૪. દાણાનું એક કઠોળ (૨)
૬૫. રમતમાં આવતો વારો (૨)
૬૭. મોટા કદનું (૪)
૬૯. ખપ, જરૂર (૩)
૭૦. વિનોદ, આનંદ (૩)
૭૧. ફત્તેહ, વિજય (૨)
૭૨. દિલગીરી (૨)
૭૫. રગ, વલણ (૨)
૭૬. એક ચોપગું પ્રાણી (૨)
૭૭. અવાજ, ધ્વનિ (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

